# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ ,ત્રીજો માળ ,જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત -૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com


જા.નં./મા-૨/૨૦૨૫/ 12898 તા.૧૦/૧૧/૨૦૨૫.

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ-સુરત.

વિષયઃ- નશામુકત ભારત અભિયાન (NMBA)ની પાંચમી વર્ષગાંઠ અંતર્ગત આપના તાબા હસ્તકના તમામ કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓ નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત રજીસ્ટ્રેશન કરી સામુહિક પ્રતિજ્ઞા લેવા બાબત.

સંદર્ભઃ- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી,સુરતનાં પત્ર નં- સસુઅ/સુ/NMBA/897/ 2025 તા.08/11/2025.

ઉપરોકત વિષય સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે ભારત સરકાર દ્વારા સને-2020માં નશામુકત ભારત અભિયાન શરૂ કરવામાં આવેલ છે. આ અભિયાનના સફળતાપૂર્વક પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય. સામાજીક ન્યાય અને અધિકારી મંત્રાલય નવી દિલ્હીની માર્ગદર્શિકા મુજબ માહે-નવેમ્બર-2025માં માનનીય પ્રધાનમંત્રીશ્રીની ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે રાષ્ટ્રીય સ્તરના મેગા કાર્યક્રમનું આયોજન થનાર છે. જેથી પ્રધાનમંત્રીશ્રીના "નશામુક્ત ભારત"ના સપનાને સાકાર કરવા આ નશામુક્ત ભારત અભિયાનમાં વધુમાં વધુ લોકો સહભાગી બને અને નશામુક્તિ અંગેની પ્રતિજ્ઞા લે તે માટે તા. ૧૧/૧૧/૨૦૨૫ના મંગળવારના રોજ આપની શાળાના તમામ કર્મચારીઓ તથા શિક્ષકો નશામુક્ત ભારત અભિયાન અંતર્ગત QR CODE સ્કેન કરીને ઓનલાઇન પ્રતિજ્ઞા લેવાની રહેશે તથા શાળાના વિદ્યાર્થીઓને સામુહિક પ્રતિજ્ઞા લેવડાવી તેના ફોટોગ્રાફ્સ જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી વી.જી.પરમારનાં મોબાઇલ પર Whats Appથી મોકલી આપવાના રહેશે. નશામુક્તિ અંગેની પ્રતિજ્ઞાનો નમુનો તથા QR CODE સબંધિત પુછપરછ માટે જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી, સુરતનાં વી.જી.પરમારનો મોબાઇલ નંબર-7567003210 પર સંપર્ક કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

બિડાણઃ- નશા મુક્તિની ઓનલાઇન પ્રતિજ્ઞા માટેનો QR CODE તથા પ્રતિજ્ઞાનો નમૂનો

નકલ રવાના જાણ સારૂ:-

- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, જિ-સુરત.

NASHA MUKT
BHARAT
ABHIYAAN

# નશામુકત ભારત અભિયાન અંતર્ગત લેવાની પ્રતિજ્ઞા

प्रिय साथियों,

युवा किसी भी राष्ट्र की ऊर्जा होते हैं तथा युवाओं की शक्ति का समाज एवं देश के विकास में महत्वपूर्ण योगदान है। अतः यह अति आवश्यक है कि नशामुक्त भारत अभियान में सर्वाधिक संख्या में युवा जुड़े। देश की इस चुनौती को स्वीकार करते हुए हम आज नशामुक्त भारत अभियान के अंतर्गत एक जुट होकर प्रतिज्ञा करते हैं कि न केवल समुदाय, परिवार, मित्र, बल्कि स्वयं को भी नशामुक्त कराएँगे क्योंकि बदलाव की शुरुआत अपने आप से होनी चाहिए।

इसलिए आइए हम सब मिलकर अपने सुरत ज़िलेको नशामुक्त कराने का दृढ निश्चय करें।

मैं प्रतिज्ञा करता हूँ कि अपने देश को नशामुक्त करने के लिए अपनी क्षमता के अनुसार हर सम्भव प्रयास करूँगा।

जय हिन्द!

# <u>નશામુકત ભારત અભિયાન અંતર્ગત લેવાની પ્રતિજ્ઞા</u>

પ્રિય મિત્રો,

યુવા એ કોઈપણ રાષ્ટ્રની ઉર્જા છે અને યુવાનોની શક્તિ સમાજ અને દેશના વિકાસમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે.તેથી, નશા મુક્ત ભારતના અભિયાનમાં વધુમાં વધુ યુવાનો જોડાય તે ખૂબ જ મહત્વપૂર્ણ છે.દેશના આ પડકારને સ્વીકારીને, આજે આપણે નશામુક્ત ભારત  અભિયાન હેઠળ સાથે મળીને પ્રતિજ્ઞા લઈએ છીએ કે આપણે ફક્ત આપણા સમુદાય, પરિવાર, મિત્રોને જ નહીં, પણ પોતાને પણ વ્યસનથી મુક્ત કરીશું કારણ કે પરિવર્તનની શરૂઆત પોતાનાથી થવી જોઈએ.

તો ચાલો આપણે બધા સાથે મળીને આપણા સુરત જિલ્લાને નશા મુક્ત બનાવવાનો સંકલ્પ કરીએ.

હું પ્રતિજ્ઞા લઉં છું કે હું મારા દેશને નશા મુક્ત બનાવવા માટે મારી શ્રેષ્ઠ ક્ષમતાથી બધું કરીશ.

જય હિંન્દ